ગાંધીનગર સમાચાર



## @ગાંધીનગર

● માઉન્ટ કાર્મેલ શાળાના પ્રાઈમરી વિભાગનો વાર્ષિકોત્સવ સવારે ૯.૩૦ કલાકે ટાઉનહોલ ખાતે યોજાશે.

# જુની નોટ બેંકોમાં જમા કરાવવા ધસારો

## પેટ્રોલ પંપો અને દવાની દુકાનો પર હવે ૫૦૦ રૂ.ની નોટ સ્વીકારવામાં નહી આવે તેથી વધેલી ઘટેલી નોટો બેંકોમાં જમા કરાવવા, એફડી કરાવવા ભારે ભીડ જામી

ગાંધીનગર, તા.૨

નોટ બંધી બાદ હજુ પણ બેંકોમાં ભારે ભીડ જોવા મળી રહી છે. કયારેક પૈસ ઉપાડવા તો કયારેક જમા કરાવવા બેંકોની બહાર લાંબી લાંબી લાઈનો જોવા મળી રહી છે. ૫૦૦ રૂ.ની જુની નોટો પેટ્રોલ પંપો અને દવાની દુકાનો પર હવે ચલાવવામાં આવશે નહી તેથી વધેલી ઘટેલી નોટોને ખાતામાં જમા કરાવવા અને એફડી કરાવવા આવનારાઓની બેંકોમાં ભારે ભીડ જોવા મળી રહી છે.

૫૦૦ અને ૧૦૦ની નોટો બંધ કરવાના નિર્ણયને હવે ટુંક સમયમાં એક મહિનો પૂર્ણ થશે. એક મહિના જેટલો સમય થવા આવ્યો હોવા છતાં હજુ સુધી નોટોનો કકળાટ પુર્ણ થયો નથી. નવી કરન્સી બજારમાં હજુ પુર્ણપણે ફરતી થઈ નથી. ગ્રાહકોને તેઓના ખાતામાંથી જોઈએ તેટલી રકમ ઉપાડવાની મુકિત અપાઈ હોવા છતાં રોકડ નથીનું કારણ આગળ ધરી બેંકો ગ્રાહકોને તેઓની જરુરીયાત મુજબ પૈસા આપતી નથી. નાણાંની અંધાધુધી હજુ દુર થઈ નથી. મોટા ભાગના એટીએમ




ખાલી છે તો બેંકોમાં લાંબી લાંબી કતારો જોવા મળી રહી છે. ૧૦૦૦ રૂ.ની જુની નોટ તો હવે કયાંય ચલાવાતી નથી. ૫૦૦ રૂ.ની જુની નોટ પેટ્રોલ પંપો અને દવાની દુકાનો પર હજુ સુધી ચાલતી હતી. ૨જી તારીખે મધરાતથી જુની નોટો આ સ્થળોએ સ્વીકારવાની બંધ કરી દેવાશે. માત્ર દુધ કેન્દ્રો પર અને સરકારી હોસ્પિટલમાં જ ૫૦૦ની જુની નોટ સ્વીકારવામાં આવશે. જુની ૫૦૦ની નોટ ચલાવતા સ્થળો હવે ઓછા થયા હોવાથી જેમની પાસે હજુ નાની મોટી માત્રામાં જુની નોટો પડી છે તેઓએ તેને પોતાના અને સગા સંબંધીઓના ખાતામાં જમા કરાવવાનું શરુ કરી દીધું છે. બેંકમાં જુની નોટો જમા કરાવનારાઓની ભીડ હજુ યથાવત રહી છે. જુની નોટો ચલાવતા સ્થળો જેમ જેમ ઓછા થતા જાય છે તેમ તેમ બેંકોમાં જમા કરાવવામાં આવતી રકમ વધતી જાય છે. જુની નોટો જમા કરાવી ચોકકસ રકમની એફડી કરાવનારાઓની સંખ્યા પણ સારી એવી છે.

## વાતવાતમાં

● ગાંધીનગરમાં નોટબંધી બાદ ૨૦૦૦ની નવી નોટ તો નગરજનોના ખિસ્સામાં આવી ગઈ પરંતુ હજુ સુધી નાગરિકોને ૫૦૦ની નવી નોટના દર્શન થયા નથી. ગાંધીનગરની દેના બેંકની લીડ બ્રાન્ચ કે એસબીઆઈની મુખ્ય શાખા સુધ્ધામાં અત્યારે ૫૦૦ની નવી નોટ પ્રાપ્ત બની નથી.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલના આરએમઓ ડૉ. કલ્પેશ શાહે તેમની નિવૃત્તિ બાદ તેમના સ્નેહીજનો, શુભેચ્છકો તથા ફરજ દરમિયાન મદદરૂપ થનાર તમામ પ્રત્યે આભાર દર્શન કરવા શુક્રવારે સાંજે એક સમારંભનું આયોજન કર્યું હતું. આ સમારંભમાં તેમણે તમામને સ્નેહપૂર્વક સ્વ ખર્ચે ભોજન કરાવ્યું હતું.

## પુન્દ્રાસણમાં દારૂ-બિયરના ટીન સાથે બુટલેગરની ધરપકડ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર નજીકના પુન્દ્રાસણ ગામે બાતમીના આધરે પેથાપુર પોલીસે રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો. પોલીસે કુલ રૂ. ૪૭૦૦ના મુદ્દામાલ સાથે આરોપીની ધરપકડ કરી હતી. મામલે પેથાપુર પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પેથાપુર પોલીસ મથકની હદમાં પુન્દ્રાસણ ગામે જયંતિ અરજણજી ઠાકોર (રહે. નવાજી વાસ) ના રહેણાંક મકાનમાં વિદેશી દારૂ અને ટીનનો જથ્થો પડયો હોવાની બાતમી પોલીસને મળી હતી આથી આદરજ મોટી આઉટ પોસ્ટ પોલીસે બાતમીના આધારે બાતમી સ્થળે બપોરે ૩ કલાકે દરોડો પાડયો હતો. પોલીસે દરોડામાં ૯ નંગ વિદેશી દારૂની બોટલ તથા ૨૦ નંગ બિયરના ટીન મળી કુલ ૪૭૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી આરોપી જયંતી ઠાકોરને ઘરમાંથી જ ઝડપી પાડયો હતો. પેથાપુર પોલીસે આરોપી વિરુધ્ધ પ્રોહીબિશન એકટ મુજબ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જેની તપાસ જમાદાર લક્ષ્મણજી બીજલજી ચલાવી રહ્યા છે.

## પ્રભુની ઈચ્છાથી જ બ્રહ્મસંબંધ શક્ય બને છે

ગાંધીનગર, તા.૨

શહેરમાં શ્રીજીની હવેલી ખાતે પૂ.પા. ગો. ૧૦૮શ્રી વ્રજરાજકુમારજીએ તા. ૨૩-૧૧-૨૦૧૬ના રોજ શ્રીજી શ્રી



ગોવર્ધનનાથજીની હવેલી ગાંધીનગર ખાતે ૨૫થી વધુ વૈષ્ણવને બ્રહ્મસંબંધ લેવડાવ્યા બાદ ગુરુજ્ઞાન આપતા જણાવ્યું હતું કે બ્રહ્મસંબંધ લીધા પછી સેવા, સત્સંગ અને સ્મરણને જીવનમાં આત્મસાત કરવા જોઈએ.

શ્રી વ્રજરાજકુમારજી ભારપૂર્વક જણાવ્યું હતું કે કેવળ પ્રભુની ઈચ્છાથી જ આ બ્રહ્મસંબંધ શકય બને છે. બ્રહ્મસંબંધ લીધા પછી પૃષ્ટીમાર્ગના સિદ્ધાંતોને આત્મસાત કરવાના છે. સવારે ઉઠતા સાથે કંઠીના દર્શન કરવાના છે. કંઠી ભગવાનનું પ્રતિક છે. ત્રણ વાર શ્રીકૃષ્ણ શરણં મમ બોલવાનું છે. માળા કરવાની છે. નાના કર્મો કરતા પહેલા ત્રણ વાર શ્રી કૃષ્ણ શરણં મમ મનમાં બોલીને તે કર્મ કરવાનું છે. દિવસમાં ૨૦ મિનિટનો સમય આત્માના ભોજન માટે કાઢવાનો છે. આત્માનું ભોજન સત્સંગ છે અને સત્સંગ વગર જાગૃતિ નહિ આવે.

આ સાથે ૨૦૧૭માં શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલીને ૨૫મું વર્ષ બેસતું હોઈ, રજતજયંતિ વર્ષની ઉજવણી માટે કાર્યક્રમની રૂપરેખાની વિગતવાર ચર્ચા પણ કરવામાં આવી હતી.

## રૂપાલ ગામે એચઆઈવી એઈડ્સ્ જાગૃતિ રેલી યોજાઈ

### વિશ્વ એચઆઈવી દિવસે જાગૃતિ રેલી દ્વારા ગ્રામજનોને માર્ગદર્શન પૂરું પાડ્યું ગાંધીનગરના વિહાન પ્રોજેક્ટના કેર એન્ડ સપોર્ટ સેન્ટરે સક્રીય ભાગ ભજવ્યો





ગાંધીનગર, તા.૨

ગાંધીનગર જિલ્લામાં તા.૧લી ડિસેમ્બર વિશ્વ એચઆઈવી દિવસની ઉજવણી જોશભેર કરવામાં આવી હતી. અનેક ઠેકાણે આ પ્રસંગે જાગૃતિ સેમીનાર્સ, રેલીઓ વગેરેના આયોજનો હાથ ધરાયાં હતા. ગાંધીનગરમાં એચઆઈવી પોઝીટીવ તથા એઈડ્સગ્રસ્ત દર્દીઓ માટે કાર્યરત વિહાન પ્રોજેક્ટના સીએસસી સેન્ટર દ્વારા પણ રૂપાલ ગામે એચઆઈવી - એઈડ્સ અંગે જાગૃતિ રેલીમાં ગ્રામજનોનું માર્ગદર્શન

વિહાન પ્રોજેક્ટના કેર એન્ડ સપોર્ટ સેન્ટર દ્વારા ગાંધીનગર તાલુકાના રૂપાલ ગામે યોજાયેલ એચઆઈવી - એઈડ્સ્ જાગૃતિ રેલીમાં સક્રિય ભાગ લઈ ગ્રામજનોને બેનર્સ, પેમ્પલેટ્સ્, પત્રિકાઓ તથા સૂત્રોચ્ચાર વગેરેથી આ મહારોગ, પ્રત્યે માર્ગદર્શન પુરું પાડ્વામાં આવ્યું હતું. આ રેલીમાં રૂપાલની વરદાયીની હાઈસ્કૂલ તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે વિશ્વ એચઆઈવી એઈડ્સ દિને યોજાયેલ આ રેલીમાં શાળાના બાળકો મોટી સંખ્યામાં જોડાયા હતા. વિહાન પ્રોજેક્ટના કેર એન્ડ સપોર્ટ સેન્ટરના કર્મચારીઓએ રેલીને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

## ડો. બાબાસાહેબ આંબેડકરને પરિનિર્વાણ દિને શ્રધ્ધાસુમન

ગાંધીનગર, તા.૨

તા. ૬-૧૨-૨૦૧૬ મંગળવારે ભારતીય બંધારણના નિર્માતા ડૉ. બાબાસાહેબ આંબેડકરના ૬૦મા મહા પરિનિર્વાણ દિન વિધાનસભા સામે આવેલ ડૉ. આંબેડકર પ્રતિમા સંકુલ 'પ્રેરણા ભૂમિ' ખાતે સવારના ૮.૩૦ કલાકે શ્રધ્ધાસુમન કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જેથી ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ મહોત્સવ સમિતિ ગાંધીનગર (ગુજરાત)ના પ્રમુખશ્રીએ જાહેર જનતાને વિશ્વરત્ન ડૉ. આંબેડકરના ૬૦મા મહાપરિનિર્વાણ દિને શ્રધ્ધાસુમન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા નમ્ર અનુરોધ કરેલ છે.

## એમસીઆઈની ટીમને પગલે હોસ્પિટલ તંત્ર હરકતમાં

### આ માસના અંત સુધીમાં અથવા જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં ટીમ આવે તેવી શક્યતા

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર મેડીકલ કોલેજને પાંચ વર્ષ પૂર્ણ થવાની તૈયારી છે. ત્યારે દર વર્ષે એમસીઆઈ દ્વારા માન્યતા આપવા માટે ઈન્સપેકશન કરવામાં આવે છે. જેમાં નિયમો મુજબની કામગીરી તેમજ ઝીણવટભર્યું નિરીક્ષણ કરવામાં આવે છે. દર્દીઓને ગાઈડ લાઈન મુજબ સારવાર આપવામાં આવે છે કે નહી તેમજ ઈન્ફ્રાસ્ટકચર સહિતનું ચેકીંગ હાથ ધરવામાં આવે છે. ત્યારે આગામી સમયમાં કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ત્રીજા વર્ષના સેકન્ડ સેમેસ્ટરની પરિક્ષા આ માસના બીજા સપ્તાહ બાદ શરુ થવાની છે ત્યારે આ ટીમ ફાઈનલ ઈન્સપેકશન માટે આવવાની છે. ત્યારે એમસીઆઈની ટીમ ચાલુ સપ્તાહના છેલ્લા દિવસોમાં અથવા જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં આવવાની સંભાવના હોવાથી હોસ્પિટલ તંત્ર હરકતમાં આવી ગયું છે.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર મેડીકલ કોલેજને પાંચ વર્ષ પૂર્ણ થયા છે. તબિબ બનવા માટે વિદ્યાર્થીઓ ગુજરાત તેમજ અન્ય રાજયોમાંથી મોટીમાત્રામાં આવ્યા છે. મેડીકલ કોલેજના છેલ્લા વર્ષનું ફાઈનલ ઈન્સપેકશન છે.આ માસમાં થર્ડ યરમાં અભ્યાસ કરતા તબિબિ વિદ્યાર્થીઓની પરિક્ષા શરુ થવાની છે. ત્યારે એમસીઆઈની ગાઈડ લાઈન મુજબ પરિક્ષાના ઈન્સપેકશન માટે ટીમ આવવાની હોવાથી હોસ્પિટલના ઈન્ફ્રાસ્ટ્રકચરમાં કોઈ પણ જાતની ખામી કે ચુંક રહીના જાય તે માટે ખાસ તકેદારીના પગલા લેવાઈ રહ્યા છે. હોસ્પિટલ સંકુલમાં એમસીઆઈની ટીમ આવનાર હોવાથી ચારેકોર ચર્ચા ચાલી રહી છે તેમજ તંત્ર પણ હરકતમાં આવી ગયું છે. હોસ્પિટલના અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ એમસીઆઈની ટીમ આ માસના અંતિમ સપ્તાહમાં કે જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં આવીને ઈન્સપેકશનની કામગીરી કરશે. ત્યારબાદ સંપૂર્ણ રીતે મેડીકલ કોલેજ કામગીરી સંભાળશે અને આગામી સમયમાં પીજીના કોર્ષના પ્રારંભ માટેની કવાયત હાથ ધરશે.

## ૪થી ડિસેમ્બરે પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર ખાતે ત્રણ વર્ષથી નિયમિત રીતે દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે. જેનો ગાંધીનગરના સુજ્ઞ વાચકો ભરપુર લાભ લે છે. આ મહિને તા.૪થી ડિસેમ્બરના રોજ સવારના ૭.૩૦ થી ૯.૩૦ સુધી ઘ-૪ના સર્કલ ખાતે ઉદ્યોગ ભવન નજીક પુસ્તક પરબ યોજાશે. જેનો ગાંધીનગરના સુજ્ઞ વાચકો ભરપુર લાભ લે છે.

પુસ્તક પરબનો લાભ લેવા માટે સર્વશ્રી કિશોર જીકાદરા, આશાબેન સરવૈયા, પ્રજ્ઞા પટેલ, મુળજીભાઈ પરમાર, અશોકભાઈ ત્રિવેદી, સંજય થોરાત, રણછોડભાઈ પરમાર, ધુર્જટી પ્રજાપતિ, રમેશચંદ્ર શ્રીમાળી તથા દિશાંત ગર્ગ વગેરે સહયોગીઓએ પુસ્તક ભાવકોને અનુરોધ કર્યો છે.





ગાંધીનગર પાસેના ભાટ ગામે સરકારી પ્રાથમિક શાળાના નવીન અદ્યતન મકાનનું આજ રોજ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી સંજયભાઈ પરમારના હસ્તે લોકાર્પણ કરાયું. અંદાજિત ૭૦ લાખ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ આ મકાન ૧૦ રૂમો ધરાવે છે. હવેથી પ્રાથમિક શાળાના બાળકો આ નવીન સુખ સગવડ ભર્યા મકાનમાં બેસી અભ્યાસ કરશે.

## સે-૨૯માં નજીવી બાબતે બે જૂથ વચ્ચે ઝઘડો : એકને ઈજા

શહેરના સેકટર-૨૯માં શોપીંગ પાસે બપોરના સમયે બે મુસ્લિમ જુથ વચ્ચે નજીવી બાબતે મારા મારી થતા ઝઘડો થયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર સે-૨૯માં ૧૦/૧, છ ટાઈપના રહેણાંક મકાનમાં મૂળ છાલાના ઈરશાદ અલી કમર અલી સૈયદ પોતાના પરિવાર સાથે રહે છે. ગત રોજ બપોરે પોતાની મોટર સાઈકલ લઈ તેઓ સે-૨૯ના શોપીંગે ગયા હતા જયાં અગાઉથી જ મૂળ છાલાના ચાર શખ્સો જુબેદ દાણી, અહેમદ દાણી, શરીફ દાણી અને મૌસીન દાણી હાજર હતા. થોડીવારમાં આ લોકો વચ્ચે નજીવી બાબતે બોલાચાલી થતા ઉગ્ર ઝઘડો થવા પામ્યો હતો જેમાં જુબેર દાણી લોખંડની પાઈપ તેમજ અન્ય ત્રણ શખ્સોએ ઈરશાદ સૈયદને ગડદાપાટુનો માર માર્યો હતો. ઝઘડામાં ઈરશાદ સૈયદને લોખંડની પાઈપ માથાના ભાગે વાગતા ઈજાઓ થવા પામી હતી. આ મામલે ઈજાગ્રસ્ત ઈરશાદ અલી સૈયદ સે-૨૧ પોલીસમાં ચારેય વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તમામ વિરુધ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

# શહેરમાં શાકભાજી સસ્તું છતાં વેચાતું નથી

## બજારમાં રૂ.૧૦ થી ૫૦ માં તમામ શાકભાજી સરળતાથી ઉપલબ્ધ



ગાંધીનગર, તા.૨

શહેરના શાકમાર્કેટ બજારોમાં શાકભાજી સસ્તું છે, રોજ સવારે આસપાસના ગામડામાંથી તાજા શાકભાજી મોટા પ્રમાણમાં બજારમાં ઠલવાય છે. પરંતુ વેપારીઓને જોઈએ તેટલા પ્રમાણમાં ધંધો રહેતો નથી. ત્યારે તાજા શાકભાજી પણ સડી જાય છે. અત્યારે હાલ નોટબંધીના માહોલમાં વિવિધ શાકના ભાવમાં ધરખમ ઘટાડો નોંધાયો છે. વેપારીઓને માર્કેટમાં બુમો પાડીને શાક વેચવાનો વારો આવ્યો છે. બજારમાં માત્ર રૂ.૧૦ થી ૫૦ માં તમામ શાક સરળતાથી મળી રહે છે. છતા પણ નાના વેપારીઓને શાકભાજી લારીઓમાં પડી રહેતા મુડી નીકાળવી પણ મુશ્કેલરૂપ બન્યું છે.

દોઢ મહિના પહેલા શાકભાજીના ભાવ એટલી હદે ઉંચકાયા હતા કે ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયું હતું. રોજ સાંજ પડે ને શું જમવાનું બનાવવુ તેની મથામણ શરુ થતી હતી તો કેટલાક ઘરોમાં સાંજ પડે ત્યારે જમવાને લઈ કકળાટ પણ ઉભો થતો હતો. ત્યારે આસમાનને આંબેલા ભાવ સાંભળીને તો મહિલાઓ મોં મચકોડતી હતી. જે તે સમયે રૂ.૮૦ થી ૧૦૦ ના ભાવે શાકભાજી વેચાતા હોવાથી મહિલાઓ શાકમાર્કેટમાં આંટો મારીને પાછી ફરતી હતી. ત્યારે શિયાળાના સમયમાં શાકભાજી ની આવક બજારમાં સારી પ્રમાણમાં હોવાથી શાકભાજીના ભાવમાં ઘટાડો જોવા મળે છે. પરંતુ નોટબંધીના પગલે શાકમાર્કેટમાં છેલ્લા ઘણા સમયથી વેપારમાં અછત જોવા મળી રહી છે. અત્યારે શાકભાજીના બજાર ભાવ પ્રતિકીલો એ જોઈએ તો કારેલા-૪૦, ચોરી-૫૦, ટીંડોડા-૬૦, કોબીઝ-૧૦, ફલાવર-૧૦, રીંગણા-૧૦, રવૈયા-૧૦, દુધી-૧૦, ટામેટા-૨૦, મરચા-૩૦, આદુ-૫૦, મુળા-૨૦, ગાજર-૨૦, ડુંગળી-૨૦, બટાકા-૨૦, ભીંડા-૪૦, વટાણા-૪૦, ગાજર-૨૦ કિલોએ વેચાય છે. નોટબંધીના માહોલમાં સસ્તુ શાક હોવાછતા બજારમાં જોઈએ તેટલા ગ્રાહકો ના હોવાથી વેપારીઓને શાકભાજી ઉંચકીને ઘરે લઈ જવાનો વારો આવે છે. શાકભાજીના વેપારમાં છુટા રૂપીયા હોવા જરુરી છે ત્યારે છુટાની પળોજણ હોવાથી શાકભાજીના વેપાર પર માઠી અસર થવા પામી છે. ત્યારે રોજનું કમાઈને રોજ ખાતા નાના પરિવારો નોટબંધી કયારે હટશે તેની ચાતક નજરે રાહ જોઈને બેઠા છે.

## સે-૭, ૮, ૧૨, ૧૪, ૧૫ અને ૩૦માં મિલ્કત ધરાવતા માલિકો જોગ

ગાંધીનગર, તા.૨

સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડઝ કમ એકત્રિકરણ અધિકારી, ગાંધીનગરની કચેરી દ્વારા સેકટર-૭, ૮, ૧૨, ૧૪, ૧૫ અને ૩૦ના સીટી સર્વે થયેલ મિલ્કતોની રેકર્ડ લખવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. તૈયાર કરવામાં આવેલા સીટી રેકર્ડનું પ્રમોલગેશન કરવાનું થાય છે. સીટી સર્વે ગાંધીનગરની કચેરીએ તા. ૩-૧-૨૦૧૭ના રોજ બપોરના ૧૨ કલાકે તપાસી પ્રમાણિત કરવામાં આવનાર છે. જો કોઈને તૈયાર થયેલ રેકર્ડ અંગે વાંધો તકરાર હોય તો તેની લેખિત વાંધા અરજી નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી રેકર્ડ પ્રમાણિત માટેની નક્કી થયેલ તારીખ સુધીમાં દસ્તાવેજો પુરાવા સાથે રજુ કરવાની રહેશે. તૈયાર રેકર્ડ જાહેર રજા સિવાયના દિવસમાં કચેરી સમય દરમિયાન મેન્ટેનન્સ સર્વેયર, સંબંધિત સેકટરના સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી, ચોથો માળ, જિલ્લા સેવા સદન, સે-૧૧, ગાંધીનગરની કચેરીએ જોવા મળી શકશે તેવું સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડઝ કમ એકત્રિકરણ અધિકારી અને નાયબ કલેકટરશ્રી એચ.બી. દલવાડીએ જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. કમળબા જુજરસિંહ વાઘેલા, ઉ.વ. ૮૦
- સ્વ. સાગરભાઈ ધીરેન્દ્રભાઈ દવે, ઉ.વ. ૨૬
- સ્વ. ભીખાજી શંકરજી ઠાકોર, ઉ.વ. ૪૫
- સ્વ. બાલુબેન રાજુભાઈ કાંગસીયા, ઉ.વ. ૫૩